# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧/ક્વા-૩/૧૯-૨૦/૧૨૭૩-૧** **તા.28.0૨.૨૦૨૦**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **ગોજીયા પમીબેન દેવાભાઈ સીદાભાઇ** ગામ: **સતાપર** **સબડીવીઝન : ભાટીયા**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **દ્વારકા**
રજૂઆત કરનાર: કા.વા. કાર્યપાલક ઈજનેર શ્રી **કે. એ.ઓઝા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **દ્વારકા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૧૯-૦૨-૨૦૨૦ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૩-૧૨-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર હાજર રહેલ ન હતા. કાર્યપાલક ઈજનેર શ્રી એ.એચ.વાઘેલા પીજીવીસીએલ વિભાગીય કચેરી - દ્વારકા અને નાયબ ઈજનેર શ્રી **એમ.કે. વાલંકી** પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી – **ભાટીયા** હાજર રહેલ હતા. પ્રથમ મુદતમાં અરજદાર હાજર રહેલ ન હોવાથી સુનાવણી તા. ૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર હાજર રહેલ ન હોવાથી સદર કેસની સુનાવણી તા. ૧૯-૦૨-૨૦૨૦ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ગોજીયા પમીબેન દેવાભાઈ સીદાભાઇ ગામ -સતાપર, તેઓની અરજીના નોંધણી નં: ૧/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે,** અરજદાર કલ્યાણપુર તાલુકાના સતાપર ગામે ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.: ૮૨૪૪૨/૦૦૧૩૫/૭ થી ધરાવે છે. જે મુળ જેઠા સીદા ના નામે આવેલ હતુ. તેની જમીન ફરીયાદી અરજદાર ના નામે આવેલ છે, તે મુજબ – સદર વીજજોડાણમાં તેઓના તમામ વારસદારો પાસેથી ફરીયાદ અરજદાર ના નામે નામ બદલી કરવા અરજી કરેલ હતી. જે અન્વયે તા.૦૭–૦૧–૧૬ થી રૂ.૩૦૦/– ભરપાઈ કરી નોંધણી કરાવેલ – તેમજ જરૂરી લેખીત સંમતીપત્ર

રજુ કરેલ હતુ. તેમ છતા – ૦૪ વર્ષ નો સમય જવા છતા – કોઈ કાર્યવાહી ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રીમતી ગોજીયા પમીબેન દેવાભાઈ દ્વારા ભાટિયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. સતાપર ખાતે નામ બદલી કરવા બાબત માટે રજૂઆત કરેલ. સદર અરજદાર દ્વારા તા. ૦૭.૦૧.૨૦૧૬ ના રોજ રસીદ નંબર ૯૮૯૭૨૩ થી રૂ.300 ભરીને નામ બદલી માટેની અરજીનું રજીસ્ટ્રેશન કરાવેલ ત્યારબાદ અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરેલ ના હોય જેની નામ બદલી માટેની આગળની કાર્યવાહી થઇ શકેલ નથી.અને અરજદારના રજીસ્ટ્રેશન ના ૧૮૦ દિવસ થયા બાદ સદર અરજી રદ થઇ ગયેલ.

૩.૧ અરજદારના સદર વિજ જોડાણ માં નામ બદલી કરાવવા માટે અરજદાર દ્વારા તમામ નવા દસ્તાવેજો રજુ કર્યા બાદ ફરીથી રજીસ્ટ્રેશન કરાવી અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશેસદર બાબતની જાણ અરજદારને તા. ૨૫.૧૦.૨૦૧૯ થી કરેલ છે.

૩.૨ સામાવાળા ની લેખીત પત્ર તા,૧૭.૦૨.૨૦ મુજબ અરજદારના સદર વિજ જોડાણ માં નામ બદલી ની કાર્યવાહી તા. ૧૫.૦૨.૨૦૨૦ ના રોજ પૂર્ણ કરેલ છે. આમ અરજદારની ફરિયાદ નું સુખદ નિવારણ થતા અરજદાર ની સહીવાળું સમાધાન પત્ર તા.૧૫.૦૨.૨૦૨૦ મુજબ નું ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.0 ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે **પેરા નં ૨.૦** અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં.૩.૨ મુજબ અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૧૫.૦૨.૨૦૨૦ થી રજુ કરાયેલ છે.

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |